An ISO 9001:2008 Company

**ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.**
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ,
વડોદરા - ૩૯૦ ૦૦૭.
ફોન નં.૨૩૧૦૫૮૨-૮૪ ફેક્સ: ૨૩૧૧૭૯૭
CIN U40109GJ2004SGC045195

ક્રમાંક:જીયુવીએનએલ/એચઆર/ચેકઓફ/૪૪૫ તા:૦૭/03/૨૦૧૮

પ્રતિ,
જનરલ મેનેજર(એચઆર) જીસેક, કોર્પોરેટ ઓફિસ, વડોદરા.
જનરલ મેનેજર(એચઆર) એમજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, વડોદરા.
ઈન્ચાર્જ જનરલ મેનેજર(એચઆર) પીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, રાજકોટ.
એડી.જનરલ મેનેજર(એચઆર) યુજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.
એડી.જનરલ મેનેજર(એચઆર) ડીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, સુરત.
ડે.જનરલ મેનેજર(એચઆર) એન્ડ એચ.આર. હેડ, જેટકો, કોર્પોરેટ ઓફિસ, વડોદરા.

વિષય: ચેક ઓફ ૨૦૧૮-૨૦૨૦ની પ્રક્રિયા અન્વયે મેળવેલ સંમતિપત્રકો બાબત.
સંદર્ભ:૧ અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક:જીયુવીએનએલ/એચઆર/ચેકઓફ/૨૦૧૭/૨૩૩૪ તા:૧૯/૧૨/૨૦૧૭.
૨ અત્રેની કચેરીનો પત્ર ક્ર.જીયુવીએનએલ/એચઆર/ચેકઓફ/૩૩૭ તા:૨૦/૦૨/૨૦૧૮

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા સંદર્ભિત પત્રથી ચેક-ઓફ પ્રક્રિયા હેઠળ યુનીયન/એસોસીએશન્સને માન્યતા આપવા અંગેની વિસ્તૃત સૂચનાઓ સંદર્ભિત પરિપત્ર-૧ થી આપવામાં આવેલ છે, ત્યાર બાદ સંદર્ભિત પરિપત્ર-૨ થી કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવેલ. સદર સ્પષ્ટતાના અનુસંધાને કેટલાક યુનીયન/એસોસીએશન્સ દ્વારા રજૂઆતો કરવામાં આવેલ. સદર રજૂઆતો સક્ષમ અધિકારીશ્રીના વંચાણે મૂકવામાં આવેલ અને નીચે પ્રમાણે વધુ સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.

૧. કેટલાક યુનીયન/એસોસીએશન્સ દ્વારા સંમતિ પત્રક પર સંમતિ એક યુનીયનની તરફેણમાં હોય છતાં સિક્કો મારી અન્ય યુનીયનની તરફેણમાં ફી કાપવા અંગેના સંમતિ પત્ર રજૂ કરવામાં આવેલ હોય અથવા સંમતિ પત્રકમાં છેકછાક કરી યુનીયનનું નામ બદલવામાં આવેલ હોય.?

સ્પષ્ટતા:- અગાઉના પરિપત્ર તા:૨૦/૦૨/૨૦૧૮ માં જણાવેલ તેમ સંમતિ પત્રક સ્પષ્ટ હોવુ જરૂરી છે. સંમતિપત્રકમાં છેકછાક કરી યુનીયનનું નામ બદલેલ હોય તેવા સંમતિપત્રક રદબાતલ કરવાનેપાત્ર ઠરે છે. સિવાય કે, જીયુવીએનએલ અને તેની સંલગ્ન કંપનીઓમાં માન્યતા ધરાવતા એક યુનીયન 'શ્રી વિદ્યુત કામદાર સંઘ' કે જેણે પોતાનું નામ બદલવા રજીસ્ટ્રાર ઓફ ટ્રેડ યુનીયનમાં નામ બદલવાની પ્રક્રિયા હાથ ધરેલ અને નવું નામ 'શ્રી વીજળી કર્મચારી મહામંડળ' નામ રજીસ્ટ્રાર ઓફ ટ્રેડ યુનીયન દ્વારા મંજૂર કરવામાં આવેલ.

આમ, ફક્ત શ્રી વિદ્યુત કામદાર સંઘનું નામ ધરાવતા સંમતિ પત્રકોમાં શેરો મારી અથવા સ્ટેમ્પ લગાડી 'શ્રી વીજળી કર્મચારી મહામંડળ' કરવામાં આવ્યું હોય તેટલા જ સંમતિપત્રકો સ્વીકાર્ય રહે છે. આ સિવાયના તમામ છેકછાક વાળા, અન્ય યુનીયનના નામ બદલી બીજા યુનીયનના નામ ફેરફાર કરેલ તમામ સંમતિપત્રકો રદબાતલ કરવાને પાત્ર ઠરે છે.

૨. કર્મચારીએ રજૂ કરેલ સંમતિપત્રકમાં "Whitener" લગાવી યુનીયનના નામમાં ફેરફાર કરવામાં આવેલ હોય તેવા સંમતિપત્રકો સ્વીકાર્ય ગણાય?

સ્પષ્ટતા:- કર્મચારી દ્વારા આપવામાં આવેલ સંમતિપત્રક સ્પષ્ટ હોવું જરૂરી છે અને તેમાં "Whitener" લગાવીને યુનીયનના નામમાં ફેરફાર કરેલ હોય અને કર્મચારીએ કાઉન્ટર સાઈન કરેલ ન હોય તો તેવા તમામ સંમતિપત્રકો રદબાતલ થવાને પાત્ર ઠરે છે.

ઉપરોક્ત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

( ડો. નિલેશ મુન્શી )
જનરલ મેનેજર (એચ.આર.)

નકલ રવાના:-

તમામ રજીસ્ટર્ડ યુનીયન / એસોસીએશનના વડાશ્રીઓ